37

(-૪૨૮

નં.ઈજર-વહટ-૯૧-૨૦૦૦-૪૧૯૨ થી ૪૨૨૬

નોંધણી સર નિરીક્ષક કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેકટર-૧૩ સી, ખ-રોડ,
ગાંધીનગર.
તા. ૨૦-૪-૦૫

**પરિપત્રઃ-**

આથી રાજયના તમામ નોંધણી નિરીક્ષકશ્રીઓ અને નોંધણી અમલદારોનું ધ્યાન અત્રેના પરિપત્ર ક્રમાંકઃઈજર-વહટ-૯૧-૨૦૦૦-૧૯૭૧ થી ૨૦૦૫/૦૫ તા. ૨૪-૨-૨૦૦૫ તથા પરિપત્ર ક્રમાંકઃ ઈજર-વહટ-૯૧-૨૦૦૦-૨૨૨૮ થી ૨૨૭૮ તા. ૪-૩-૨૦૦૫ તરફ દોરતા જણાવવામાં આવે છે કે

(૧) નોંધણી અધિનિયમ ૧૯૦૮ ની કલમ ૩૩ તથા પાવર ઓફ એટર્ની અધિનિયમની જોગવાઈઓ હેઠળના મુખત્યારનામા આધારે નોંધણી માટે રજૂ કરેલા કે કરી આપેલા (Executed ) દસ્તાવેજના કિસ્સામાં તેવા મુખત્યારનામાની પ્રમાણિત નકલો સંબંધિત પક્ષકારો પાસેથી મેળવી ફાઈલે રાખવાની રહેશે. મુખત્યારનામાના આધારે સ્થાવર મિલકતની તબદીલીને લગતા દસ્તાવેજોના કિસ્સામાં અસલ મુખત્યારનામા સંબંધિત પક્ષકારોએ નોંધણી અંગેની કામગીરી દરમિયાન હાજર રાખવાના રહેશે અને નોંધણી અમલદારોએ અસલ મુખત્યારનામા જરૂર જણાયે તપાસવાના રહેશે.

(૨) જે સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં કોમ્પ્યુટર પ્રથા દાખલ કરવામાં આવેલ છે તે કચેરીઓમાં નોંધણી માટે રજૂ થતા દસ્તાવેજો સંબંધમાં અત્રેના તા. ૨૪-૨-૨૦૦૫ ના પરિપત્રથી ફોટોગ્રાફ તથા ફીન્ગર પ્રિન્ટ લેવા માટે જે સુચનાઓ આપેલ છે તે યથાવત રહે છે અને સદર કચેરીઓમાં પણ અત્રેના તા. ૨૪-૨-૨૦૦૫ ના પરિપત્રથી આપવામાં આવેલ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

સહી/-
(એચ.બી. વરીયા)
નોંધણી સર નિરીક્ષક
ગુ.રા.ગાંધીનગર.

**નકલ રવાનાઃ-**

૧. નોંધણી નિરીક્ષકશ્રી તમામ તરફ જાણ તથા અમલ સારું તથા તાબાના તમામ સબ જીસ્ટ્રારીઓને મોકલી આપી જાણ વ અમલ કરાવવા સારું.
૨. કચેરીની તમામ શાખાઓ તરફ જાણ સારું

**નકલ સવિનય રવાનાઃ-**

૧. સુપ્રિ.ઓફ.સ્ટેમ્પસશ્રી ગુ.રા.ગાંધીનગર.
૨. નાયબ સચિવશ્રી, મ.વિ.હ.૧, સચિવાલય,ગાંધીનગર તરફ જાણ સારું.

**રવાના કર્યુઃ-**

નાયબ નોંધણી સર નિરીક્ષક
ગુ.રા.,ગાંધીનગર.